# રેલ્લાવાડા ખાતે નવુ પ્રા.આ. કેન્દ્ર ઉદ્‌ઘાટનની રાહ જુએ છે પુરતો સ્ટાફ ફાળવવા રજૂઆત



મોડાસા, તા. ૧૬

મેઘરજ તાલુકામાં પ્રા.આ.કેન્દ્ર ઉપરાંત આયુર્વેદ દવાખાના આવેલ છે, પરંતુ લાયકાતવાળા ડૉક્ટરોની ભરતી ન થવાથી આરોગ્ય કેન્દ્રો ચાર્જમાં ચાલે છે. જનતાને સારવાર મળતી નથી. ડૉક્ટરોને વધારાની આરોગ્યની કામગીરી સોંપેલ હોવાથી ગરીબ જનતાને સરકારી દવાઓનો લાભ મળતો નથી.

મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ખાતે ભાડાના મકાનમાં પ્રા. આ. કેન્દ્ર ચાલે છે. અને નવુ પ્રા.આ. કેન્દ્ર જલારામ મંદિર સામે આકાર લઈ રહ્યું છે. સવાલ એ છે કે અગાઉ સારી કામગીરી બજાવી ચુકેલા મૌલિકભાઈ ડૉકટરની સેવા રેલ્લાવાડા ખાતે ફરીથી ચાલુ કરાવવા માટે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ફેન્સીને રજૂઆત માટે જિલ્લા સદસ્ય બલવંતસિંહ રાઠોડે અને છગનભાઈ પંચાલે (પત્રકાર) જણાવેલ છે પરંતુ જિલ્લા આરોગ્ય અધિકારીના પેટનું પાણી હાલતુ નથી. આ વિસ્તારના ૪૦ ગામોને લાભ થાય તે માટે નવા દવાખાનાના ઉદ્‌ઘાટન પહેલા મૌલિકભાઈની નિમણૂંક થાય તેવી આ વિસ્તારની જનતાની માંગણી છે.

રેલ્લાવાડા ખાતે તૈયાર થયેલ નવા પ્રા. આ. કેન્દ્રની તસવીર પૂરતો સ્ટાફ મુકીને ઉદ્‌ઘાટન થાય તેવીગરીબ જનતાની માંગણી છે.

# અઢી વર્ષ પહેલા ખોડંબા પાસે હાઈવે પર ચોખા ભરેલી કન્ટેનરની લુટનો ભેદ ઉકેલતી જિલ્લા એલ.સી.બી

મોડાસા તા.૧૬

અવલ્લી જિલ્લા ના બાહોશ પોલીસ વડા મયુરસિંહ ચાવડા ના વડપણ હેઠળ જિલ્લા એલ.સી.બી પોલીસે વણ શોધાયેલા ઘણા ગુનાઓનો ભેદ ઉકેલ્યા છે ત્યારે અઢી વર્ષ પહેલા મોડાસા તાલુકા ના ખોડંબા ગામ નજીક ચોખા ભરેલ કન્ટેનર ની લુટ થઈ હતી જે ગઈકાલે રાત્રી કોમ્બીગ દરમ્યાન આ લુંટ માં સંડોવાયેલ આરોપી ને જિલ્લા એલ.સી.બી.એ ઝડપી પાડયો હતો

આજ થી અઢી વર્ષ પહેલા અરવલ્લી જિલ્લા ના મોડાસા તાલુકા ના ખોડંબા ગામ નજીક રાત્રી ના રાત્રી ના સમય દરમ્યાન



ખોડંબા નજીક થી પસાર થતી ચોખા ભરેલી કન્ટેર ની સનસનાટી ભરી લુંટ થઈ હતી જે અર્તગત આ બાબતો જીલ્લા એલ.સી.બી પી.આઈ પી.કે.પટેલ અને તેમની ટીમે માહીતી મેળવી શામળાજી પોલીસ સ્ટશેને નોધાયેલ ગુના ના આધારે ટ્રક નંબર એમ.એચ.૪૩ યુ ૬૪૧૫ કીંમત રૂપિયાન ૧૪ લાખ અને તેમાં ભરેલ ચોખા કટ્ટા નંગ ૫૦૦ કિમત રૂપીયા આઠ લાખ મળી કુલ ૨૨ લાખ રૂપિયાની લુટ થવા પામી હતી જે અંગે હાલ કોમ્બીગ નાઈટ ભાલતી હોઈ પેટ્રોલીંગ દરમ્યાન આ કામના આરોપી રમેશભાઈ બાબુભાઈ ગામેતી રહે. શામળપુર તા. ભીલોડા ને ઝડપી પાડયો હતો

# મોડાસા માર્કેટયાર્ડ ધ્વારા ફેસબુક પર ખેતપેદાશોનો ભાવ મુકવાનો નવતર પ્રયોગ અજમાવ્યો

મોડાસા તા.૧૬

૨૧ મી સદિ નો યુગ એટલે કોમ્પ્યુટર યુગ આ કહેવત સાચ પડતી હોય તેમ દેખાઈ રહયુ છે દીવસે ને દિવસે કોમ્પ્યુટર મોણસો ની જગા લઈ રહયુ છે ત્યારે ૨૧ મી સદી સાથે કદમ સે કદમ મિલાવવા માટે મોડાસા માર્કેટયાર્ડ ધ્વારા સોસીયલ મીડીયા ફેસબુક પર રોજબરોજ થતી દેતપેદાશો અને હરાજી ના ભાવો અપડેટ કરવાનો નિર્ણય કરાયો છે.

મોડાસા માર્કેટયાર્ડ માં થતા સાચો તોલ અને રોકડ નાણાના વ્યવહાર ને કારણે દુરદુર થી ખેડુતો પોતાની ખેતપેદાશો વેચવા યાર્ડ ખાતે આવતા હોય છે. યોગ્ય હરાજી ધ્વારા વેચાણ થતા આ માલના રોજબરોજ ના પડતા ભાવો અન્ય ખેડુતો સહિત જરૂરીયાત વાળા ઓને મળી રહે તેવા ઉદેશ થી આ વા ભાવો ફેબુક પર મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મોડાસા માર્કેટયાર્ડ ના વાઈસ ચેરમેન રાકેશ પટેલ ના જણાવ્યા અનુસાર જીલ્લા માં સો પ્રથમવાર શરૂ કરાયેલી પધ્ધતી આ પધ્ધતી થી જીલ્લા ના ખેડુતો જ જે તે દિવસના ભાવ બપોરે ૧૨ કલાક સુધી માં ઉપલ્બધ થઈ જશે યાર્ડ ના ઈન્સપેકટર ભટ્ટ ના જણાવ્યા અનુસાર હવે યાર્ડ ના ભાવ જાણવા રૂબરૂ માર્કેટકચેરી આવવાની જરૂ પડશે નહી માત્ર મોબાઈલ ફેસબુક ઉપર ફેસબુક ખોલી માર્કેટ મોડાસા સર્ચ કરવાથી રોજબરોજ ની આવક અને ભાવ જાણવો સરળ બની રહેશે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ એ ખેડુતો વેપારીઓ ના હિત માં શરૂ કરાયેલી આ સિસ્ટમ ને સો એ આવકારી આનંદ ની લાગણી વ્યકત કરી હતી

# દાદર-ભૂજ એક્સપ્રેસ ટ્રેન લૂંટ કેસનો ભેદ ઉકેલાયો

## રેલવે પોલીસે મહેસાણામાંથી એક આરોપીની ધરપકડ કરી

મહેસાણા, તા. ૧૬

તાજેતરમાં દાદર-ભૂજ એક્સપ્રેસ ટ્રેનના લેડીઝ ડબ્બામાં મુસાફરી કરનાર એક મહિલા મુસાફરને માર્ગમાં ભાન્ડુ-ઊંઝા વચ્ચે માર મારી રોકડ રકમ સોનાના દાગીના મળી કુલ ૬૫૫૦૦ ની મત્તાની લુંટ ચલાવી ફરાર થઈ ગયેલ શખ્સને રેલવે પોલીસે મહેસાણામાંથી પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

તાજેતરમાં મુળ પાલનપુરના વતની અને અમદાવાદ કેન્સર હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતા રૂકશાનાબાનુ સૈયદ રાત્રીના સમયે દાદર-ભૂજ ટ્રેનના લેડીઝ કોચમાં બેસીનેપાલનપુર જવા નીકળ્યા હતા ત્યારે માર્ગમાં ભાન્ડુ અને ઊંઝા રેલવે સ્ટેશનો વચ્ચે મહેસાણાથી લેડીઝ કોચમાં ચઢેલ એક અજાણ્યા શખ્સે મહિલાને માર મારી રોકડ રકમ, સોનાના દાગીના વગેરે મળી કુલ ૬૫,૫૦૦ ની મત્તાની લૂંટ ચલાવી સિદ્ધપુર રેલવે સ્ટેશન નજીક ટ્રેન ધીમી પડતા ઉતરીને ક્યાંક નાસી છુટ્યા હતો.

આ બનાવ અંગે રેલવે પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન અમદાવાદ રેલવે પોલીસની ગુના શોધક શાખાના પો.સ.ઈ. કે.એસ. બ્રહ્મભટ્ટ તથા મહેસાણા રેલવે પો.સ્ટે.ના ઈન્ચાર્જ પો.ઈ. ટી.જે. સોલંકીને મળેલ બાતમીના આધારે પોલીસે લૂંટના ગુનામાં સંડોવાયેલ છત્રસિંહ ઉર્ફે હિરાજી ઠાકોર રહે. છઠીયારડા તા. મહેસાણાવાળાને મહેસાણા શહેરમાંથી ઝડપી લઈ રીમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરી છે.



**ખેડબ્રહ્મા ખાતે વિકલાંગ સાધન સહાય અપાઈ** - ભારત વિકાસ પરિષદના દશાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે ખેડબ્રહ્મા ખાતે અંબિકા માતાજી મંદિરે વિકલાંગોને સાધન સહાય આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્યામસુંદર મહારાજ, એપી.એમ.સી. ચેરમેન જશુભાઈપટેલ, નિકેશભાઈ સંખેશ્વરા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સહાય કેમ્પમાં ખેડબ્રહ્મા પોશીના તાલુકાના વિકલાંગ લોકો માટે સાધનોનુ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં કેલીપર્સ, કૃતિમ આખા પગ, અડધા-પગ, આખા અને અડધા હાથ,બગલ ઘોડી, જેવા સાધનો સહાય અપાઈ હતી. જેમાં ૧૦૪ વિકલાંગોએ સહાય મેળવી હતી. આ પ્રસંગે સાધનના દાતા હરિભાઈ છગનભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# પ્રાંતિજમાં ગ્રાહકોને માલ સામે પાકુ બિલ ન આપનાર વેપારીઓ દંડાયા

## હિંમતનગર સેલટેક્સ વિભાગની ટીમે સરપ્રાઈજ ચેકિંગ હાથ ધરી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ બજારમાં માલની સામે બિલ ન આપનાર વેપારીઓ સામે કડક કાર્યવાહી કરી સરપ્રાઈઝ ચેકિંગ દરમ્યાન બિલ ન આપનાર વેપારીઓ દંડાયા હતા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ એપ્રોચ રોડ તથા બજાર ચોકમાં મેન બજારમાં હિંમતનગર સેલટેક્સ વિભાગના અધિકારી જે.પી.રાજે દ્વારા ટીમ બનાવી પ્રાંતિજ બજારમાં વિવિધ દુકાનો ઉપર જાતે ગ્રાહક બનીને સરપ્રાઈઝ ચેકિંગ અગિયાર જેટલી દુકાનોમાં હાથ ધરતા જેમાં માત્ર ચાર ચાર દુકાન માલિકો દ્વારા માલની સાથે પાકુ બિલ આપવામાં આવ્યું હતું. જ્યારે સાત વેપારીઓ દ્વારા માલના બદલામાં બિલ ન આપતા તેમની સામે સરકારી ધારાધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરીહતી અને તેમણે તાત્કાલિક સ્થળ ઉપર દંડ વસુલ કરવામાં આવ્યો હતો. અને ગ્રાહકોને માલની સામે બિલ આપવા માટે પણ સુચનો કરવામાં આવ્યા હતા. જો કે વાયુ વેગે સમાચાર બજારમાં પ્રસરી જતાં કેટલાય અજ્ઞાત વેપારીઓ બીકના માર્યા દુકાનો બંધ કરી ચાલ્યા ગયા હતા.

# ગુજરાતભરમાં જૈમિનીડસ ઉલ્કાવર્ષાનો નજારો દેખાયો

## આશરે ચાર લાખથી વધારે વિજ્ઞાન પ્રેમી, અવકાશી રસ ધરાવનાર લોકોએ અદ્‌ભુત નજારો નિહાળીને રોમાંચિત : અવકાશમાં ફટાકડાની આતશબાજી જોવા મળી

અમદાવાદ, તા.૧૬

દુનિયાભરનાં ખગોરપ્રેમીઓએ અવકાશમાં અવકાશમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો અદભુત નજારો નિહાળી ઝુમી ઉઠયા હતાં. અવકાશમાં ફટાકડાની આતશબાજી નિહાળી લોકો રોમાંચિત થઈ ગયા હતાં. પ્રારંભમાં કલાકની ૮થી૧૫ ઉલ્કાવર્ષા પછી તા. ૧૩-૧૪-૧૫ ડિસેમ્બરે કલાકની ૧૫થી૯૦ ઉલ્કાવર્ષા સ્પષ્ટ જોઈ શકાઈ હતી.રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો નજારો પ્રતિસાદ મળતાં આશરે ચાર લાખથી વધુ વિજ્ઞાનપ્રેમીઓ, જિજ્ઞાસુઓએ અવકાશી ઉલ્કાવર્ષાનો અદભુત નજારો નિહાળ્યો હતો. જાથાના રાજય ચેરમેન જયંત પંડયા જણાવે છે કે અવકાશમાં તા.૭મી૧૫ ડિસેમ્બર વહેલી પરોઢ સુધીમાં ક્રમિક ઉલ્કાવર્ષા પડી હતી.શરૂઆતમાં આંકડો નહિંવત હતો, પરંતુ તા. ૧૩-૧૪-૧૫ ડિસેમ્બર રાત્રિના ૧ વાગ્યાથી ૪ ની વચ્ચે કલાકની ૧૫થી૯૦ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નિહાળી શકાઈ હતી જાથાનું રાજય કક્ષાનું આયોજન રાજકોટ, જામનગર રોડ પર ન્યારી-૨ ડેમ ખાતે, ભાવનગર વરતેજ પાસે ખુલ્લા મેદાનમાં તથા મહેસાણા, પાલનપુરમાં જાહેર જગ્યાએ યોજવામાં આવ્યુ હતું જેમાં બ્રહ્માંડની ઉત્પતિ, સૂર્ય તેની પરિક્રમા કરતા ગ્રહો, ધુમકેતુ, ઉલ્કા વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. ખગોળપ્રેમીઓએ ખુલ્લા આકાશમાં ઉલ્કા વર્ષ મધ્યરાત્રિ બાદ કલાકની ૯૦ જેટલી ઉલ્કા પડતી નજરે જોઈ બાદ તા. ૭ મી થી તા. ૧૫ ની વહેલી પરોઢ સુધી મહત્તમ ઉલ્કા વર્ષા પડતી નિહાળી ખગોળપ્રેમીઓએ અવકાશી ધટનાનો આનંદ લૂટયો હતો. જાથાના રાજય ચેરમેન જયંત પંડયાએ ઉલ્કા વિશે માહિતી આપતા જણાવ્યું કે રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે અંધારી રાત્રે આકાશ સ્વચ્છ હોય એવા સમયે એક કલાકમાં ૧૦-૧૨ ઉલ્કાઓ ખરતી જોવા મળી હતી જેમાંની ધણીખરી તો ભૂસપાટી સુધી પહોંચી શકી ન હતી હવા સાથેનું ઘર્ષણ તેમને ભસ્મીભૂત કરી દે છે જમીન પર તેમના છુટાછવાયા રજકણો જ પથરાય છે ઉલ્કાના સ્વરૂપે આવેલા ઘૂળને લોહચુંબક વડે ઓળખી કાઢવાનું સહેલુ છે સરેરાશ ઉલ્કામાં લોખંડ અને નિકાલ હોય છે બંને પદાર્થો લોહચુંબક પ્રત્યે આકર્ષાય તેવા છે અંકરીક્ષમાં લઘુગ્રહો જેવા ભંગારનો તોટો નથી. આ ભંગારમાં ઘૂળ છે, કાંકરા છે, પથરા છે અને વિશાળ ખડકો પણ છે અંતરીક્ષ વચ્ચે તેમનો છુટાછવાયો સમુદાય જ્યાં ત્યાં ભટકયા કરે છે અને ક્યારેક પૃથ્વીના ગુરુત્વાકર્ષણની હડફેટે ચડી જાય છે અંતરિક્ષમાં કલાકનાં ૧,૦૭,૨૨૦ કિલોમિટરના પૂરપાટ વેગે આગળ વધતી પૃથ્વી તેમને સતત પોતાના વાતાવરણ ખેંચતી રહે છે ભંગાર જેવો વાતાવરણમાં દાખલથાય કે તરત ધટ્ટ વાતાવરણમાં હવા સાથે ઘર્ષણ પામીને સળગવા માંડે છે.

# ડીસામાં રોડ પર થીંગડા મારવામાં ભ્રષ્ટાચાર

ડીસા, તા. ૧૭

ડીસા શહેરના લાલચાલી વિસ્તારમાંરહેતા મહેશભાઈ મગનલાલ પરમારે ડીસા નગરપાલિકાના કર્મચારી ઈસ્માઈલ શેખ વિરૂદ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપ કરી રજુઆત કરી છે કે શહેરમાં ડામરરોડ પર થીગડા મારવાનીા કામગીરીમાં ઈસ્માઈલ શેખે બમેબમ ચલાવી ભ્રષ્ટાચાર આચર્યો છે.

ડીસાના લેખરાજ ચાર રસ્તા સુધીના માર્ગપર થીંગડા મારવાના હતા, પરંતુ ઈસ્માઈલ શેખે માત્ર પરેશ ટેક્ષટાઈલ, રાજેશ પાનસેન્ટર, ચોકસી પરેશ હીરાલાલની દુકાન સામે જ ડામર રોડ પાથરી દીધો છે. જ્યારે જ્યાં ખરેખર થીંગડા મારવાની જરૂરહતી ત્યાં થીગડા મરાયા નથી. હરેશભાઈ પરમારે ઈસ્માઈલ શેખ પર ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યો છે અને ત્રણેય દુકાનદારો પણ નગરપાલિકાની મિલકતને નુકશાનકરવા માટે જવાબદાર હોવાથી આ બાબતે તપાસ હાથ ધરી દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે.



અમદાવાદ ખાતે આવેલી એલઆઈસીની ઓફિસ પર કર્મચારીઓએ દેખાવો કર્યા હતા.

# આખરે દાંતીવાડા ટ્રાફીક પોલીસે જવાબદારી પૂર્વક કામગીરી હાથ ધરી

દાંતીવાડા, તા. ૧૬

સમગ્ર પંથકમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક નિયમોનો ભંગ કરી રહ્યેલા વાહન ચાલકો પર દાંતીવાડા સ્થાનિક પોલીસ લાલ આંખે કાયદાની જોગવાઈએ વાહન માલિકોને રોકાવી દંડનીય કાર્યવાહી સાથે વાહનો ડીટેન કરાયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દાંતીવાડા પોલીસ ટ્રાફિક પોઈન્ટના જવાબદાર એવા અધિકારીઓ કે જેમના દ્વારા કાયદાની પરિભાષામાં નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો તેમજ વાહનોના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી સાથે દાંતીવાડા ત્રણ રસ્તેથી વાહન નંબર જીજે-૮-ઝેડ-૭૬૧૪ છોટાહાથી, જીજે-૨૧-એ-૧૩૩૪ કમાન્ડર ગાડી તેમજ આર.જે.-૨૪-૪૬૦૨ જે મુજબના વાહનોમાં વધુ મુસાફર, લાયસન્સ ના હોવું, આર.સી.બુક ના હોવી, સીટ બેલ્ટ ના લગાવવો અને હેલ્મેટ ના પહેરતા આ પ્રકારના નિયમોનો ઉલ્લંઘન કરતાં આ ત્રણ વાહનોને ડીટેન કરવામાં આવ્યા હતા.

# યુનિવર્સિટી પાસેના રસ્તાઓની હાલત હાલ ખુબ ખરાબ બની

## રસ્તાઓ કાચા રસ્તાનો પણ સારા કહેવડાવે તેવા : રસ્તાઓના સમારકામ માટે કોઇપણ ધ્યાન અપાતું નથી જેથી બધાને તકલીફ થઇ રહી છે : વ્યાપક ફરિયાદ કરાઇ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં આવેલ ગુજરાત યુનિવર્સિટીને રાજયની સૌથી મોટી યુનિવર્સિટી ગણવામાં આવે છે જોકે આટલી મોટી યુનિવર્સિટીનાં રસ્તાઓ કોઈ ગામડાના રસ્તાઓ કરતા પણ ખરાબ હાલતમાં છે યુનિવર્સિટીની પાછળનાં ભાગમાં આવેલા રસ્તાઓની હાલત કાચા રસ્તાઓ ને પણ સારા કેહેવડાવે તેવી થઈ ગઈ છે તેમ તેમ છતાં તંત્ર દ્વારા આ રસ્તાઓના સમારકામ માટે કોઈ ધ્યાન આપવામાં આવતું નથી વર્ષો થી આજ પરીસ્થિતીમાં રહેલા રસ્તાઓનાં કારણે યુનિવર્સિટીનાં પાછળનાં ભાગે વાહન લઈજ જવા કરતા પગપાળા જવાનું વિદ્યાર્થીઓ પહેલા પસંદ કરે છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત યુનિવર્સિટી અને અમદાવાદ એજયુકેશન સોસાયટી વચ્ચે ચાલી રહેલા મતભેદોના કારણે યુનિવર્સિટીનાં લાંબા સમયથી બિસ્માર હાલતમાં પડેલા રસ્તાઓનું કોઈ સમારકામ હાથ ધરાયુ નથી જેનાં કારણે વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીની મુલાકાત લેતા અન્ય મુલાકાતીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડે છે યુનિવર્સિટીની ગર્લ્સ તેમજ બોયઝ હોસ્ટેલ તરફ જવાનો રસ્તો એટલી હદે ખરાબ છે કે ત્યાં કોઈ વાહન લઈને જવાની જગ્યાએ વિદ્યાર્થીઓ પગપાળા જવાનું પસંદ કરે છે તેમજ રસ્તામાં ઠેર ઠેર કચરાનાં ઢગ ખડકાયેલા છે તેનો પણ કોઈ નિકાલ થતો નથી.રસ્તા ઉપરની સ્ટ્રીટ લાઈટ પણ વર્ષોથી બંધ હોવા છતાં સમારકામ થતું નથી આ અંગે ગુજરાત યુનિવર્સિટી કુલપતી એમ.એન. પટેલનો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાત યુનિવર્સિટીનાં પાછળનાં ભાગનો રસ્તો યુનિવર્સિટી અંતર્ગત આપતો નથી આ યુનિવર્સિટીનો કેટલાક ભાગ અમદાવાદ એજયુકેશન સોસાયટી હસ્તક છે તેથી ગુજરાત યુનિવર્સિટી આ રસ્તાનું સમારકામ કરાવી શકતી નથી ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનથી લઈને કુલપતી નિવાસ સુધીનું કાર્ય પૂર્ન કરી દેવાયુ છે પરંતુ ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલ તરફ જવાતા રસ્તાનું સમારકામ કયારે હાથ ધરાશે તેનો કોઈજ જવાબ સતાધીશો પાસે નથી. બે સંસ્થાઓના વિવાદમાં વિદ્યાર્થીઓએ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્‌ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્‌ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્‌ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્‌ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્‌ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦